# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17/10/2026** **Morning : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રીએ અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે , ઇન્ટરનેશનલ એરપોર્ટ , ભીમનાથ-ધોલેરા લોજિસ્ટિક હબ લાઇન અને સેમી હાઇ-સ્પીડ રેલવે પ્રોજેક્ટ્સની કામગીરીની સમીક્ષા કરી.
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોલવડામાં ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહીને લોકો સાથે વાતચીત કરી.
3. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જૂનાગઢમાં ત્રણ આરોગ્ય મંદિરનું લોકાર્પણ અને ઘેડમાં પુર નિયંત્રણ માટે નદીઓ ઉંડી કરવાની કામગીરીનું નિરીક્ષણ કર્યું.
4. અમદાવાદમાં શિક્ષણ મંત્રીના હસ્તે શિષ્યવૃત્તિ યોજનાઓના લાભાર્થી વિદ્યાર્થીઓને સહાયનું વિતરણ કરાયુ
5. ભરૂચમાં સાયખા GIDC ખાતે કેમિકલ કંપનીમાં વિસ્ફોટ થતા બે ના મોત અને 4 ઇજાગ્રસ્ત થયાં.
6. રાજ્યનાં ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલ પેરા એશિયન ગેમ્સમાં જોર્ડનના ખેલાડી સામે ટકરાશે.

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM REVIEW MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે , ઇન્ટરનેશનલ એરપોર્ટ, ભીમનાથ-ધોલેરા લોજિસ્ટિક હબ લાઇન અને સેમી હાઇ-સ્પીડ રેલવે પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી. ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં મુખ્યમંત્રીએ ધોલેરા **SIR** ખાતે મહત્વપૂર્ણ ઔદ્યોગિક , સામાજિક અને શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ લોથલ ખાતે નિર્માણાધીન નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષની મુલાકાત લઈ સંકૂલની કામગીરી સમયબદ્ધ રીતે પૂર્ણ થાય તે અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી તેમને માર્ગદર્શન આપ્યું હતું.

# AMIT SHAH KOLAVADA GARBA

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ રાજ્યના પ્રવાસે છે. ગઇકાલે મોડી સાંજે તેમના સંસદીય વિસ્તાર કોલવડા માં ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યાં હતાં. રામજી મંદિર ખાતે અમિત શાહે કાર્યક્રમમાં હાજરી આપીને લોકોનું અભિવાદન ઝિલીને તેમની સાથે વાતચિત કરી હતી.

# MANSUKH MANDAVIYA GHED VISIT

કેન્દ્રીય  મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જૂનાગઢ જિલ્લાના માંગરોળના નગીચાણા ગામેથી અંદાજે  1.08 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત ત્રણ આયુષ્માન આરોગ્ય મંદિર- પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું. જેમાં માંગરોળ તાલુકાના નગીચાણા અને આજક તથા કેશોદ તાલુકાના અજાબ નો સમાવેશ થાય છે.

મંત્રીશ્રી માંડવિયાએ  ઘેડ પ્રદેશમાં  નદીઓને પહોળી અને ઊંડા કરવાની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. વારંવાર આવતા પૂરને પહોંચી વળવા માટે નદીઓને પહોળી અને ઉંડી કરવાની કામગીરી ચાલી રહી છે. શ્રી માંડવિયાએ આશા વ્યક્ત કરી હતી કે ટૂંક સમયમાં નાગરિકોને આ વિસ્તારમાં આવતી પૂરની સમસ્યાથી રાહત મળશે.

**(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION MINISTER)**

# PRADHYUMAN VAJHA – SCHOLARSHIP AHMEDABAD

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત અમદાવાદમાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાનો શિષ્યવૃત્તિ વિતરણ સમારોહ યોજાયો. આ કાર્યક્રમમાં નમો લક્ષ્મી , નમો સરસ્વતી, જ્ઞાન સેતુ અને જ્ઞાન સાધના સહિતની યોજનાઓના લાભાર્થી વિદ્યાર્થીઓને સહાયનું વિતરણ કરાયું હતું. શાળા અને જિલ્લા કક્ષાએ યોજાયેલી વિવિધ સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.

# SURAT KAMREJ PANSURIYA KAHTMUHURAT

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સુરતના કામરેજમાં માર્ગોના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું. ગ્રામ્ય વિકાસને નવી ગતિ આપવાના આશય સાથે આરોગ્ય મંત્રીએ 23 રોડનું ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે , જ્યારે નવા માર્ગોનું નિર્માણ થશે ત્યારે ગ્રામ્ય વિસ્તારની વિકાસની ગતિને વેગ મળશે.

**(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)**

# SEVA SANKALP ABHIYAN GATISHAKTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ થયા છે. તે અંગેની અમારી આ વિશેષ શ્રેણીમાં આજે અમે આપને જણાવીશું પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાન વિશે.

## (CAPSULE: PRAVESH ADIACHA)

*(.... વર્ષ 2021માં શરૂ કરાયેલા પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાને માળખાકીય સુવિધાઓના વિકાસમાં એક ક્રાંતિકારી પરિવર્તનની શરૂઆત કરી. તે અંતર્ગત માળખાકીય સુવિધાનું નિર્માણ અલગઅલગ ભાગમાં કરવાની જગ્યાએ એક સંકલિત રાષ્ટ્રીય નેટવર્ક તરીકે કરવામાં આવી રહ્યું છે. G.I.S. આધારિત આ માસ્ટર પ્લાન 16 મુખ્ય મંત્રાલયો અને વિભાગોની વિગતોને એકસાથે જોડે છે , જેનાથી નિર્માણ શરૂ થતા પહેલા જ ખામીઓને ઓળખીને પરિયોજનાઓમાં યોગ્ય સંકલન કરી શકાય. આજે આ મંચ પર 100 લાખ કરોડ રૂપિયાથી વધુની માળખાકીય પરિયોજનાનું મૅપિંગ થઈ ગયું છે, જેનાથી રાજમાર્ગ, રેલવે, બંદર, વિમાનમથક અને પાવરલાઈન્સને એક જ વ્યવસ્થામાં લાવવામાં આવી છે. આ સંકલિત યોજનાના કારણે જ ભારતનો લૉજિસ્ટિક ખર્ચ GDPના 13થી 14 ટકાથી ઘટીને હવે લગભગ આઠ ટકા પર આવી ગયો છે , જેના કારણે ભારતીય ઉત્પાદન વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બની રહ્યા છે. સંકલિત યોજનાની આ પરિવર્તનલક્ષી શક્તિનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું,*

***(BYTE: NARENDARA MODI, PRIME MINISTER)***

*પરિયોજનાઓને એક જ ઝડપી ગતિ ધરાવતા રાષ્ટ્રીય વિકાસ ઍન્જિનમાં જોડીને પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાન આધુનિક અને વિકસિત ભારત માટે માર્ગ મોકળો કરી રહ્યો છે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# MID BREAK- NEWS- REGIONAL

આ  સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ  આપ અમારી Youtube ચેનલ A.I.R.  ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.     વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ  A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# BHARUCH GIDC BLAST

ભરૂચમાં સાયખા **GIDC** ખાતે કેમિકલ કંપનીમાં વિસ્ફોટ થતા બે ના મોત અને ચાર ઇજાગ્રસ્ત થયા. કંપનીની કામગીરીમાં રસાયણિક પ્રક્રિયા દરમિયાન અચાનક બ્લાસ્ટ થયો હતો. બલાસ્ટ થતાં કંપનીના સાધનો દૂર સુધી ફેંકાયા હતાં. ઘટનાની જાણ થતાં પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો  હતો.

# SAYALA FIRING

સુરેન્દ્રનગરના સાયલા નજીક કુખ્યાત આરોપી દેવેન્દ્ર ઉર્ફે ડેંડુ બોરીચાએ ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસે ફાયરિંગ કર્યું.

રાજકોટ રેન્જની ટીમ દ્વારા આરોપીને પોલીસ સ્ટેશન ખાતે લઈ જતી વખતે તેણે પીએસઆઈની પિસ્તોલ છીનવીને હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. સમયસૂચકતા વાપરીને સ્વબચાવમાં **PSI** દ્વારા બે રાઉન્ડ ફાયર કરાયા જેમાં એક ગોળી કુખ્યાત આરોપીને પગમાં વાગતા તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો. આરોપીને સારવાર માટે સાયલા સુરેન્દ્રનગર ખસેડાયો હતો.

# ARVALLI SHRAMIK ANNPURNA

રાજ્યના 28 જીલ્લામાં ગઇકાલથી 101 શ્રમિક અન્નપુર્ણા કેન્દ્રોનો પ્રારંભ થયો છે. જે અંતર્ગત અરવલ્લીમાં મોડાસા, બાયડ અને ધનસુરામાં ત્રણ કેન્દ્રો શરૂ કરાયા. મોડાસામાં ધારાસભ્ય ભીખુસિંહજીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

# NAVRATRI DAY 7

નવલાં નોરતાના સાતમે દિવસે આજે માઁ કાલરાત્રિની આરાધના કરવામાં આવે છે. માઁ નું આ સ્વરૂપ કષ્ટોનો વિનાશ કરે છે.

દરમિયાન રાજ્યભરમાં ઠેર ઠેર ચાલી રહેલા ગરબા મહોત્સવો ખાતે ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વલસાડમા નાણાંમંત્રી કનુ દેસાઈએ ગરબા મંડળોની મુલાકાત લઈ ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો. તો જામનગરમાં  પરંપરાગત 'સળગતા ગરબા '  રાસની રોચક પરંપરા આજે પણ યથાવત છે. અહી યુવાનો સળગતી ઈંઢોણી માથે લઈ માતાજીની આરાધના કરે છે.

# AN IMPORTANT ANNOUNCEMENT

પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત.

## (VC : PTC JAHERAT NEWS RNU)

# PARA ASIAN GAMES

રાજ્યનાં ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલ જાપાનના નાગોયા ખાતે પેરા એશિયન ગેમ્સમાં જોર્ડનના ખેલાડી અલિમા ફતેન સામે ટકરાશે. ભારતીય સમય મુજબ આ મેચ આજે બપોરે બે વાગીને 40 મિનિટે શરૂ થશે.

ભાવિનાએ ગઈકાલે રમતોત્સવમાં કુવૈતના ખેલાડી અલરાશીદીને 3-0 થી મ્હાત આપી વિજય પ્રરંભ કર્યો હતો.

# CRICKET

ક્રિકેટમાં  ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પાંચમી અને અંતિમ T20 આંતરરાષ્ટ્રીય મેચ આજે સાંજે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાશે. પાંચ મેચની આ શ્રેણીમાં બંને ટીમો હાલ 2-2 થી બરાબરી પર  છે.

# WEATHER

હવામાન વિભાગે 19 ઓક્ટોબરે અમરેલી, ભાવનગર , નવસારી , વલસાડ , દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં હળવા વરસાદની આગાહી કરી છે. દરમિયાન રાજ્યમાં તાપમાનનો પારો વધીને 40 ડિગ્રી એ પહોંચી ગયો છે. સાથેસાથે હવામાન વિભાગે સાત દિવસ દરમિયાન હવામાન સુકુ રહેવાની હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ આગાહી કરી છે.